

રખડતાં ઢોરનો પ્રશ્ન નગરનો શિરદર્દ બની ગયો છે. એક તરફ મુખ્ય રસ્તાઓ વાહનોની અવર-જવર વધુ રહે છે. તેવા સમયે આવા રખડતાં ઢોરોને કારણે અકસ્માતો થવાની પણ સંભાવનાઓ છે. તંત્ર સામે લાલબત્તી સમાન આ સમસ્યા સત્વરે ઉકેલાય તેવી લોક માંગણી છે. (તસવીર : કશ્યપ નીમાવત)

બે સગા ભાઈઓએ ઝેરી દવા ગટગટાવી : એકનું મૃત્યુ

ભાટ ટોલટેક્ષથી એપોલો સર્કલ રોડ પર મધરાત્રે ઉભેલી ઈનોવા ગાડીમાંથી બંને ભાઈઓ દવા પીધેલી હાલતમાં મળી આવ્યા હતા : આપઘાતનું રહસ્ય અકબંધ

ગાંધીનગર, તા.૬

અમદાવાદના નરોડા વિસ્તારના સ્ક્રેપ માર્કેટના મોટા વેપારી બે સગા ભાઈઓએ ઝેરી દવા ગટગટાવી લીધાનો ચકચારી બનાવ બનવા પામ્યો છે. ભાટ ટોલટેક્ષથી એપોલો સર્કલ રોડ પર મોડી રાત્રે ઈનોવા ગાડીમાંથી બંને દવા પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. જેમાં મોટા ભાઈનું મૃત્યુ નિપજયું હતું જયારે નાના ભાઈ વેન્ટીલેશન પર છે. અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને આ બનાવની ઉંડી તપાસ શરુ કરી છે.

મોડી રાત્રે ભાટ ટોલટેક્ષથી એપોલો સર્કલ રોડ પર એક ઈનોવા કારમાં ઝેરી દવા પીધેલી હાલતમાં પડેલા બે સગા ભાઈઓ મળી આવ્યા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બંને ભાઈઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા. નરોડાના હરિદર્શન ચોકડી પાસે સ્થિત કર્ણાવતી બંગ્લોઝમાં રહેતા ૩૮ વર્ષીય દિલીપભાઈ મોતીભાઈ પારેખ અને મોટા ભાઈ ૪૦ વર્ષીય ગોપાલભાઈ મોતીભાઈ પારેખને હોસ્પિટલાઈઝડ કરવામાં આવ્યા હતા જયાં ગોપાલભાઈનું કરૂણ મોત નિપજયું હતું. જયારે નાનાભાઈ દિલીપભાઈની હાલત ગંભીર છે. ઝેરી દવા ગટગટાવી લેવાનું કારણ હજુ બહાર આવ્યું નથી. અડાલજ પોલીસે સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

સાદરા ગામના વેરાઈ માતાનાં પ્રૌરાણિક મંદિરમાં તસ્કરો ત્રાટક્યા

દોઢસો વર્ષ જુની મુર્તિ ખંડીત કરીને મુગત અને છત્તરો ચોરી ગયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર-હિંમતનગર હાઈવે પર આવેલા સાદરા ગામમાં સ્થિત વેરાઈ માતાના પૌરાણિક મંદિરને ગત રાત્રી દરમિયાન તસ્કરોએ હાથફેરો કર્યો હતો. માતાજીની વર્ષો જુની મૂર્તિ ખંડીત કરીને ચાંદીના છત્તરો-મુગટ સહિત બે ત્રિશુલ પણ તસ્કરો ઉઠાવી ગયા હતા. જો કે ચિલોડા પોલીસમથકમાં આ બનાવ અંગે ફરીયાદ નોંધાવા પામી નથી.

ગાંધીનગર જિલ્લાના છેવાડાના ગામ સાદરા ખાતે સ્થિત પૈરાણિક વેરાઈ માતાજીના મંદિરમાં ગઈ રાત્રીના સમયમાં તસ્કર ટોળકી ત્રાટકી હતી. તસ્કરોએ મંદિરમાંથી ચાંદીના ૨૦ જેટલા છત્તર અને ચાંદીના બે મુગટ તથા બે ત્રિશુલની ચોરી કર્યા ઉપરાંત દોઢસો વર્ષ જુની માતાજીની પ્રૌરાણિક મૂર્તિને પણ ખંડીત કરી છે. ચાંદીના મુગટ અને છત્તરોની ચોરી કરીને માતાજીને બે ત્રિશુલોની પણ ઉઠાંતરી કરી હતી. ચોરીમાં ગયેલા મુદ્દામાલ કરતાં પૌરાણિક મૂર્તિને ખંડીત કરવામાં આવી તેનાથી ગ્રામજનોની લાગણી ખુબ જ દુભાઈ છે. તો બીજી તરફ આ મામલે ચિલોડા પોલીસે મોડી રાત સુધી પોલીસ ફરીયાદ પણ નોંધી ન હતી.

ભુવનેશ્વર મહાદેવ સેકટર-૬ ગણેશોત્સવમાં આજ રોજ ગણેશયાગ માં ૧૦૦૮ લાડુની આહુતિ આપવામાં આવનાર છે. (તસવીર : કશ્યપ નિમાવત)

ખૂણે... ...ખાંચરેથી

- ૯, ૧૦, ૧૧ એમ ત્રણ દિવસ જિલ્લા ભાજપની મહિલા કાર્યકરો માતર વિધાનસભાની પેટા ચૂંટણીમાં પ્રચાર માટે જઈ રહી છે.
- ગાંધીનગર શહેરના સિમાડે આવેલ બાપુ નોલેજ વિલેજ ખાતે સાક્ષરતા દિનની અનોખી રીતે ૮મીએ ઉજવણી કરાશે.
- ગાંધીનગર મહાનગરપાલિકાને ટાઉન પ્લાનીંગની સત્તાઓ મળતાં સોમવારથી આ સેવાનો વિધિવત પ્રારંભ કરવામાં આવશે.
- ગાંધીનગરના ટુંકા પ્રવાસે ૧૭મીએ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આવી રહ્યા છે.

ડભોડા એમ.એચ. વિદ્યામંદિરમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી થઈ

ગાંધીનગર, તા.૬

તાલુકાના ડભોડામાં આવેલ શ્રી એમ.એચ. વિદ્યામંદિરમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં બે દિવસીય કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

રાજયમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી રહી છે. જ્ઞાન સપ્તાહ અંતર્ગત દરેક શાળામાં વિવિધ જ્ઞાનલક્ષી કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ત્યારે તાલુકાના ડભોડામાં આવેલ એમ.એચ. વિદ્યામંદિરમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં પ્રથમ દિવસે શાળામાં સફાઈ, ગાંધીજીના જીવન પર વક્તવ્ય, દેશભક્તિગીત, બાળવાર્તા, ઘડિયા-જ્ઞાન અને સુલેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. તેમજ બીજા દિવસે યોગ, પ્રાણાયમ, વ્યસનમુક્તિ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં જે.સી. પટેલે વિદ્યાર્થીઓને પ્રવચન આપ્યું હતું. મણીભાઈ પટેલ ઉપસ્થિત રહી બાળકોને જ્ઞાન આપ્યું હતું. આ પ્રસંગે અંબાલાલ પટેલે રૂ. ૫,૦૦૦ બાળકોને ઈનામ પેટે આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હરેશભાઈ ખાચરે અને આભાર વિધિ દલસંગભાઈ ચૌધરીએ કરી હતી.

આર.જી. પટેલ માધ્યમિક અને એસ.બી. પટેલ ઉચ્ચ માધ્યમિકમાં શિક્ષક દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૬

શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ.બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળામાં જ્ઞાન સપ્તાહ અતંર્ગત શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. ધોરણ-૯ થી ૧૨ના કુલ ૧૭૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

શાળા સંચાલનમાં આચાર્ય, સુપરવાઈઝર, શિક્ષકો, કલાર્ક, ગ્રંથપાલ, સેવકભાઈઓની તમામ કામગીરી વિદ્યાર્થીઓએ સુંદર રીતે બજાવી હતી. સમગ્ર શાળામાં શ્રેષ્ઠ શિક્ષક બનેલી વિદ્યાર્થીની ધોરણ-૧૧ની કૃપા પટેલ હતી.

માધ્યમિક વિભાગમાં પ્રથમ દેસાઈ જીલ, દ્વિતીય દેવાંશી ત્રિવેદી, તૃતીય જાદવ વિભૂતિ અને સુતરિયા કાવ્યા રહેલ.

ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રથમ ગઢવી શ્રદ્ધા, દ્વિતીય વ્યાસ ઋત્વી, તૃતીય જાદવ વિદ્યા જયારે વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ પટેલ કૃપા, દ્વિતીય પટેલ હેપ્પી અને તૃતીય ક્રમે મલીક નાઝીમા રહેલ.

સમગ્ર સંચાલન સરોજીની ગૃહના કન્વીનર શ્રી મંજુલાબેન ડોડીયા અન્ય ત્રણ કન્વીનરોએ જહેમત ઉઠાવી હતી. આચાર્ય શ્રીમતી સુધાબેન પટેલ તથા સુપરવાઈઝરશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

હિલવુડ્સ એકેડમી ઓફ ટીચર્સ એજયુકેશનમાં શિક્ષક દિનની ઉજવણી

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણની યાદમાં ૫ સપ્ટેમ્બરને શિક્ષક દિવસ તરીકે મનાવવામાં આવે છે ત્યારે આ દિવસે સમગ્ર હિલવુડ્સ પરિવારનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યશ્રીથી લઈને સેવક સુધીની વિદ્યાર્થીઓએ ફરજ બજાવી હતી. આ પ્રસંગે કોલજના પ્રિન્સિપાલ શ્રીમતી પન્નાબેન સોલંકી અને તમામ અધ્યાપકોએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગ નિમિત્તે પૂર્ણાહૂતિના ભાગરૂપે નાનકડો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં તમામ વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકાના પોતાના અનુભવના મંતવ્યો રજૂ કર્યા હતા.

આજે સઈજનાં સિધ્ધનાથ મહાદેવના આંગણે દત્તબાવની પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૬

કલોલ તાલુકાના સઈજમાં આવેલ સિધ્ધનાથ મહાદેવ મંદિરે રંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા સ્વકષ્ટાજીત દત્ત બાવની પાઠ યોજવામાં આવશે. તા. ૭ સપ્ટેમ્બર, રવિવાર સવારે ૭.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. ધાર્મિક કાર્યક્રમમાં રંગઅવધૂત પરિવાર, ગાંધીનગર, જંબુસર અને હાથીજણના ભક્તજનો જોડાશે. ત્યારબાદ વન ભોજન કરવામાં આવશે. તેમ આચાર્ય નવનીતભાઈ પાઠકે જણાવ્યું છે.

જવાહર નવોદય વિદ્યાલય ગાંધીનગર જિલ્લાના વિદ્યાર્થીઓ માટે વર્ષ-૨૦૧૫ ની ધોરણ-૬ની પ્રવેશ પરીક્ષા યોજાશે

અરજી કરવાની અંતિમ તારીખ ૩૧-૧૦-૨૦૧૪

ગાંધીનગર, તા.૬

કેન્દ્રના માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા સંચાલિત જવાહર નવોદય વિદ્યાલય, સામેત્રી(દહેગામ) આગામી વર્ષ ૨૦૧૫ માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ પરીક્ષા યોજાશે. હાલમાં ધોરણ-૫ માં ગાંધીનગર જિલ્લાની માન્ય શાળામાં અભ્યાસ કરતા બાળકો જ પ્રવેશ ફોર્મ ભરી શકશે. પ્રવેશ પરીક્ષાના ફોર્મ વિનામૂલ્યે શિક્ષણાધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર જિલ્લાના તાલુકા કેળવણી નિરીક્ષકની કચેરીએ તથા આચાર્યશ્રી, જવાહર નવોદય વિદ્યાલય ખાતેથી મળશે. તેમજ સંપૂર્ણ વિગતો સાથેના ફોર્મ ભરીને તા. ૩૧-૧૦-૨૦૧૪ સુધીમાં જે તે સંસ્થાને પરત મોકલી આપવાના રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સંસ્થામાં પ્રવેશ મળેલ બાળકોને શિક્ષણ, નિવાસ, ભોજન, પુસ્તકો, સાહિત્ય અને ગણવેશ વિનામૂલ્યે પુરા પાડવામાં આવે છે. બાળકોને અહીં શિક્ષણની સાથે સાથે ગુણવત્તાયુક્ત, આધુનિક સાંસ્કૃતિક મૂલ્યો પર આધારિત શિક્ષણ અપાય છે. પર્યાવરણના જતનના સાથે સાહસિક વત્તિઓ સંતોષાય અને સર્વાંગી વિકાસ થાય તે હેતુથી શારીરિક શિક્ષણ પણ અપાય છે, તેમ જવાહર નવોદય વિદ્યાલય, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

સે. ૨૯માં રહેતા યુવાને પત્નિને ફોન કરીને કેનાલમાં ઝંપલાવ્યુ

ખેંચની બિમારીથી કંટાળીને પગલુ ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૯ વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષિય પરિણીત યુવાને કોઈ કારણોસર ખોરજ નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો છે. પત્નિ સાથે ફોન પર વાત કરી આપઘાત અંગે જાણ કરીને તેણે આ પગલુ ભર્યું હતુ. અડાલજ પોલીસે મૃતદેહ બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં યુવાને ખેંચની બિમારીથી કંટાળીને આ પગલુ ભર્યું હોવાનું પોલીસને જાણવા મળ્યું છે.

શહેરના સેક્ટર-૨૯ પ્લોટ નં. ૪૭૪/૨, ખાતે રહેતા ૩૫ વર્ષિય પરિણીત યુવાન નઈમખાન અત્તાઉલાખાન પઠાણ આજે સવારે ૭ વાગે ઘરેથી દુકાને જવાનુ કહીને નીકળી ગયો હતો. ૮ વાગ્યે તેની પત્નિએ ફોન કર્યો ત્યારે નઈમખાને કહ્યું કે હુ જીવનથી કંટાળી ગયો છુ. કેનાલમાં આપઘાત કરવા આવ્યો છુ. તેમ કહીને ફોન મુકી દીધો હતો. ૧૦ વાગ્યાના અરસામાં ખોરજ કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવતા અડાલજ પોલીસ પહોંચી ગઈ હતી અને મૃતદેહ પીએમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું કારણ જાણવા તજવીજ શરૂ કરી છે. પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ખેંચની બિમારીથી કંટાળીને યુવાનો આ પગલુ ભર્યું છે.

રાજમાતા ફુલવંત કૌરજીનો શ્રદ્ધાંજલિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૬

સંત નિરંકારી મિશનના મોભી એવા નિરંકારી રાજમાતા ફુલવંત કૌરજી કે જેઓ સાંસારિક રીતે સમયના સદગુરૂ અને સંત નિરંકારી મિશનના વડા બાબા હરદેવસિંહજી મહારાજના માતૃશ્રી હતા. તેઓશ્રીને શ્રદ્ધાંજલિના ભાગરૂપે તા. ૭-૯-૨૦૧૪, રવિવારના રોજ 'પ્રેરણા દિવસ' તરીકે શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. આ કાર્યક્રમ સમગ્ર ભારતમાં જ નહિ દેશ વિદેશમાં પણ યોજાનાર છે.

આપણા ગાંધીનગરમાં પણ સેક્ટર-૩૦ ખાતેના સંત નિરંકારી ભવન, શાંતિવન સોસાયટી સામે, સેક્ટર-૩૦ ની ચીપ ટાઈપ શોપીંગની સામે આવેલ ભવન ખાતે સવારના ૧૦.૦૦ થી ૧૨.૩૦ દરમિયાન પૂજ્ય રાજમાતા કુલવંતકૌરજીની જીવન કથનીથી અંતિમયાત્રાના દર્શન સુધીની ડોક્યુમેન્ટરી બતાડવામાં આવશે. ત્યારબાદ લંગરની પણ વ્યવસ્થા રાખવામાં આવેલ છે. વધુ જાણકારીમાટે૯૯૭૮૪૦૬૫૬૮ નંબર પર જી.કે. યુધ અથવા ૯૮૯૮૦૧૨૬૯૨ નંબર પર સંપર્કકરવા તથા આ પ્રેરણા દિવસ રૂપી શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં પધારવા તમામ ધર્મપ્રેમી નગરજનોને હાર્દિક નિમંત્રણ છે.

આનંદીમાના વડલા ખાતે મફત ચામડીના રોગોનો નિદાન કેમ્પ

માણસા શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ, આનંદીમાનો વડલો, પાલઈ વિઘ્નેશ્વરી ધામ ખાતે સાઈઠમો નિદાન કેમ્પ યોજવામાં આવશે. આજે રવિવારે, બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન કેમ્પ યોજાશે. જેમાં ચામડીને લગતા રોગોની મફત સારવાર કરવામાં આવશે. ચામડી, ગુપ્તરોગો, રક્તપિત્તો, કોસ્મેટીક સર્જરી અને ડમેટો સર્જરીના નિષ્ણાત ડૉ. ગૌરવ પટેલ સેવા આપશે.

અપહરણના ગુનામાં વોન્ટેડ શખ્સ ઝડપાયો

ગાંધીનગર એલસીબીની એમ્બેસેડર સ્કવોર્ડના પી.એસ.આઈ. કૃણાલ પટેલ તથા એએસઆઈ અશોકકુમાર અને તેમની ટીમે ગઈ કાલે વડોદરા જિલ્લાના વાઘોડીયા વિસ્તારમાંથી દહેગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના ગુનામાં વોન્ટેડ શખ્સને ઝડપી પાડયો હતો. આરોપી જયેશ ઉર્ફે જયદિપ રામસીંગભઈ પરમાર રહે., સિહોરા, ના. સાવલી જી. વડોદરાની સ્કવોર્ડે ધરપકડ કરી દહેગામ પોલીસને સોંપી દીધો છે.

આર.એન. પટેલ પ્રા. સ્કુલમાં હોંશભેર શિક્ષક દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૬

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલમાં શિક્ષકદિનની હોંશભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ આજે સ્વયં શિક્ષક બન્યા હતા. શાળાના ૫૯ બાળકોએ આજે શિક્ષક દિવસમાં ભાગ લીધો હતો.

ગાંધીનગરના સેકટર-૨ ૩માં આવેલ શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલમાં શિક્ષક દિવસની વિદ્યાર્થીઓ દ્વારા હોંશભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળામાં દરરોજ શિક્ષણ ગ્રહણ કરતા બાળકોએ આજે સ્વયં શિક્ષક બની જ્ઞાન પીરસ્યું હતું બાળકો શિક્ષણ કાર્યમાં ફરજ બજાવતા પ્રિન્સિપાલ, શિક્ષક, સેવક, કલાર્ક, સુપરવાઈઝર બની ખુદ શાળાનું સંચાલન કર્યું હતું. તેમજ દિવસ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી બજાવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ભાવનાબેન દેસાઈ અને ભગવતીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આજે ઘ-૪ સર્કલ પાસે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૬

ગુજરાત રાજયના વિવિધ કેન્દ્રો પર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તકોના આદાન પ્રદાન માટે પુસ્તક પરબ યોજવામાં આવે છે ત્યારે આજે રવિવાર સવારે ૭.૩૦ થી ૯.૦૦ કલાક દરમિયાન ઘ-૪ સર્કલ પર ઉદ્યોગભવન પાસે પુસ્તક પરબ યોજાશે. આ પુસ્તક પરબ કાર્યક્રમમાં પુસ્તકોની આપ-લે કરવામાં આવશે તેમજ આ પરબ કાર્યક્રમમાં મુલાકાતીને કોઈ પણ બે પુસ્તકો ભેટ સ્વરુપે આપવામાં આવશે. અહીંયા વિવિધ પ્રકારના સાહિત્યને લગતા પુસ્તકોની આપ-લે કરાશે. આ કાર્યક્રમ આત્મન ફાઉન્ડેશનના સહકારથી યોજવામાં આવશે. નગરના પુસ્તક પ્રેમીઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૫
સૂર્યાસ્ત : ૬.૫૦

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૭૩ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

મેરી કોમ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

મેરી કોમ : ૧૨.૩૦

: સ્ક્રીન-૩ :

સ્ટેપ અપ ઓલ ઈન (૩ડી) (અંગ્રેજી) : ૩.૪૫

ટીનેઝ મુટન્ટ નીન્જા ટર્ટલ્સ (૩ડી) અંગ્રેજી : ૬.૦૦

સ્ક્રીન-૪ :

મેરી કોમ : ૧૦.૦૦

મર્દાની : ૧.૦૦

બે યાર (ગુજરાતી) : ૪.૦૦

પેરુચાઝી (મલયાલમ) : ૭.૦૦

સિંઘમ રિટર્ન્સ : ૯.૪૫

: સ્ક્રીન-૫ :

મેરી કોમ : ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

મેરી કોમ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

એરોપ્લેન વર્સીસ વોલ્કેનો : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫ ૪.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

મેરી કોમ : ૯.૩૦, ૩.૩૦, ૯.૩૦

રાજા નટવરલાલ : ૧૨.૩૦, ૬.૩૦

આપની આજ

મેષ : વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કર્ક : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

તુલા : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

વૃશ્ચિક : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

ધન : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.